ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૫/૧૯-૨૦/ 1801 તારીખ : 15 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી સરવૈયા શીવાભાઈ મેઘાભાઈ,
જાંબુડા રોડ ઉપર,
ખેતીવાડી સર્વે નં. ૧૦૧ પૈકી ૨/૧,
મુ.છાપરી, તા.મહુવા, જી.ભાવનગર.
**મો.નં. ૯૭૨૭૩ ૯૦૦૧૫.**

કેસ નં.૦૫/૧૯-૨૦

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનો લોડ ઘટાડો ન કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૦૩/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૧૯-૨૦/૧૩૦૨ તા.૦૩/૦૪/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૧૯-૨૦/૧૫૪૧ તા.૨૦/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૪/૦૫/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
........*ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૫/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી સરવૈયા શીવાભાઈ મેઘાભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૦૪.૦૫.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી સરવૈયા શીવાભાઈ મેઘાભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી સરવૈયા શીવાભાઈ મેઘાભાઈ, મુ.છાંપરી, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશનો લોડ ઘટાડો ન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૫/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૫/૧૯–૨૦/૧૩૦૨ તા.૦૩.૦૪.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૪.૦૫.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી સરવૈયા શીવાભાઈ મેઘાભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી સરવૈયા શીવાભાઈ મેઘાભાઈ, જાંબુડા રોડ ઉપર, છાપરી, તા.મહુવા, જી.ભાવનગર ખાતે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂ ખેતીવાડી વીજ કનેકશન ૨૦ હો.પા.નું ગામ–છાપરીમાં ઉપર મુજબના સ્થળે આવેલ છે. અમારે બોરમાં પાણી નથી અને કુવામાં થોડું પાણી છે. ઉનાળામાં કુવામાં પાણી જતુ રહે છે, તેથી ઉનાળામાં વાવેતર કરતા નથી, તેથી અમારે ખેતીવાડી વીજ કનેકશનમાં લોડઘટાડો કરવો છે, જે અંગે મહુવા રૂરલ–૨, નાયબ ઈજનેરશ્રી પટેલને મળેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૩ અમારે હાલ ૨૦ હો.પા.નું કનેકશન છે અને ૧૫ હો.પા.નો લોડઘટાડો કરવો છે અને ૫ હો.પા.નું કનેકશન રાખવું છે, જે રજુઆત નાયબ ઈજનેરશ્રીને કરેલ તેમણે જણાવેલ કે ૭/૧૨ વગેરે લઈને આવો અને લોડઘટાડા માટે રૂા.૨૦૦/– ભરી દેશો, તેથી અમે તા.૧૨.૦૭.૧૮ ના રોજ તમામ આધાર પુરાવા લઈને વીજકચેરી મહુવા–૨ માં ગયેલ.

૧.૪ અમોએ તમામ આધાર પુરાવા આપેલ તેણે જણાવેલ કે બીલીંગ વિભાગમાં જાઓ અને નો ડયુના સહી સીકકા કરાવીને આવો. અમને નો ડયુ ના સહી સીકકા મારી આપેલ અને ચુડાસમા સાહેબને મળવા જણાવેલ તેમને જણાવેલ કે મારે તમારી ખેતીવાડી વીજ કનેકશન તપાસ કરવા આવવાનું છે, કુવામાં ૫ હો.પા.ની મોટરની તપાસ કરવી પડે ત્યારબાદ રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશનના નાણા ભરવા પડશે એમ કહી અમને વળાવી દીધેલ. હાલ આઠ મહીના કરતાં વધારે સમય થઈ ગયેલ છે.

૧.૫ હું ફરી એક મહીના બાદ જુ.ઈ. ચુડાસમાને મળેલ તેમજ જુ.ઈ. મહેતાને તેમજ નાયબ ઈજનેશ્રી પટેલ ને મળેલ તેમને જણાવેલ કે તમારી ફાઈલ ગોતવાની છે, મળશે ત્યારબાદ હું આવીશ છતાં કોઈ આવેલ નહી. કોઈપણ પ્રકારના એ વન ફોર્મ આપવાથી રજીસ્ટ્રેશનના નાણા લેવાનો નિયમ છે. ત્યારબાદ કામગીરી કરવાની હોય છે.

૧.૬ લોડઘટાડો ના થવાથી અમારે નાછુટકે બીલના નાણા ભરવા પડે છે. ફરી હું બે મહીના બાદ ગયેલ છતાં રૂા.૨૦૦/– સ્વિકારેલ નહી, તેથી મે જણાવેલ કે હું વીજબીલના નાણા ભરીશ નહી, તેમ કહીને હું જતો રહેલ.

૧.૭ બે મહીના બાદ બગદાણા પીજીવીસીએલની ગાડી આવેલ અને જણાવેલ કે તમારા બીલના નાણા ભરવાના બાકી છે તમે ભરી આતો. મે જણાવેલ કે લોડઘટાડાનું એ વન ફોર્મ લેતા નથી, જેથી મે બીલ ભરેલ નથી. ત્યારબાદ મહુવાની ગાડી આવેલ અને બાકી બીલના નાણા ભરવા જણાવેલ ત્યારે પણ મે તેમને જણાવેલ કે હું છેલ્લા છ મહીનાથી લોડઘટાડા માટે ધકકા ખાવ છું, મારૂ એ વન ફોર્મ લેતા નથી અને બળજબરીથી વધારે વીજબીલ આપે છે.

૧.૮ મહુવાની ગાડીવાળાએ રૂરલ–૨ માં ચુડાસમાને ફોન કરેલ તેણે કર્મચારીને જણાવેલ કે હું સાંજે ૫ વાગ્યે શીવાભાઈને ફોન કરીશ. કર્મચારી ગાડી લઈને જતા રહેલ ત્યારબાદ ચોથા દિવસે ભાવનગરની ગાડી આવેલ, તેમને પણ ઉપર મુજબની રજુઆત કરેલ.

૧.૯ ત્યારબાદ તા.૨૮.૦૩.૧૯ મહુવાની ગાડી ફરી આવેલ ત્યારે મે જણાવેલ કે અમોએ ફોરમને ફરીયાદ કરવાની હોવાથી અમે તા.૨૮.૦૩.૧૯ ના રોજ બાકી બીલના નાણા ભરી આપેલ.

૧.૧૦ આપ સાહેબને અમારી ફરીયાદનો અભ્યાસ કરી, બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા, અમારા લોડઘટાડાનું એ વન ફોર્મ તેમજ ટેસ્ટ રીપોર્ટ લેવા હુકમ કરવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારનું નામ :– શ્રી સરવૈયા શિવાભાઈ મેઘાભાઈ

૨.૨ ગ્રાહક નં.:– ૩૭૬૩૮/૦૫૧૫૫/૬

૨.૩ કેટેગરી :– A૨, ૨૦ હો.પા.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૪ રીલીઝ તા.:– ૦૬.૦૮.૨૦૦૯

૨.૫ વાદી દવારા ખેતીવાડી વીજ કનેકશનમાં લોડ ઘટાડા માટે મહુવા રૂરલ–૨ સબ ડીવીઝનમાં ડોકયુમેન્ટ વેરીફીકેશન કરાવેલ હતાં, પરંતુ લોડઘટાડા માટે રજીસ્ટ્રેશન કરાવેલ નથી.

૨.૬ મહુવા પેટા વિભાગીય કચેરી–૨ દવારા વાદીને પત્ર નં.એમએચવી/આર–૨/ટેક/૨૦૪૪ તા.૨૦.૦૪.૧૯ લોડઘટાડાના રજીસ્ટ્રેશન માટે પત્ર લખેલ છે, તેમ છતાં તેમના દવારા લોડ ઘટાડા બાબતે કોઈ રજીસ્ટ્રેશન કરાવેલ નથી.

૨.૭ વાદી દવારા ખેતીવાડી વીજ કનેકશર્નમાં લોડઘટાડા અંગે રજીસ્ટ્રેશન થયેથી લોડઘટાડા અંગે આગળની કાર્યવાહી થઈ શકશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શીવાભાઈ મેઘાભાઈ સરવૈયા ગામ–છાપરી માં ૨૦ હો.પા.નું ગ્રાહક નં.૩૭૬૩૮/૦૫૧૫૫/૬ થી ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની લેખિત તેમજ આજરોજ ફોરમને મૌખિક રજુઆત મુજબ વાદી પોતાના ૨૦ હો.પા.નાં વીજજોડાણમાં ૧૫ હો.પા.નો લોડઘટાડો કરી ૫ હો.પા..નું વીજજોડાણ રાખવા માંગે છે.

૩.૩ વાદી તેમના લોડઘટાડા માટે અરજી નોંધણી કરાવવા માટે પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરીમાં વારંવાર જવા છતાં વાદીની લોડઘટાડાની અરજી સ્વિકારવામાં આવતી નથી અને વાદીને કહેવામાં આવે છે કે તમારા જોડાણનો લોડ ચેક કર્યા બાદ અરજી સ્વિકારવામાં આવશે. આમ, વાદીનાં વીજજોડાણનો લોડઘટાડા માટેની અરજી નોંધણી ન થવાથી વાદીને ૨૦ હો.પા.નું બીલ ભરવું પડે છે, જયારે વાદીનાં જણાવ્યા મુજબ તેઓએ ૫ હો.પા.ની મોટર જોડેલ છે.

૩.૪ પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ વાદીએ દસ્તાવેજી વેરીફીકેશન કરાવેલ પરંતુ લોડઘટાડા માટે રજીસ્ટ્રેશન કરાવેલ નથી અને પ્રતિવાદીએ તા.૨૦.૦૪.૧૯ ના રોજ વાદીને અરજી નોંધણી કરાવવા માટે પત્ર લખેલ છે. તેના પરથી જણાય છે કે વાદી એ તા.૨૮.૦૩.૧૯ ના રોજ ફોરમને લેખિત ફરીયાદ કર્યા બાદ પ્રતિવાદીનાં નાયબ ઈજનેરે તા.૨૦.૦૪.૧૯ ના રોજ વાદીને અરજી નોંધણી કરાવવા માટે પત્ર લખેલ છે.

૩.૫ વાદી તેના લોડઘટાડા માટે અરજી નોંધણી કરાવવા માટે પ્રતિવાદીની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવામાં વારંવાર ગયેલ અને ત્યાં તે જુનીયર ઈજનેર તેમજ નાયબ ઈજનેરને મળેલ પરંતુ વાદીને કોઈ સંતોષકારક જવાબ મળતા ન હતાં, આ બાબતની ફોરમે ગંભીર નોંધ લીધેલ છે.

૩.૬ ઉપરોકત તારણ નં.૩.૫ ને ધ્યાનમાં રાખી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ નાયબ ઈજનેર સામે ખાતાકીય પગલા ભરવા તેમજ ગ્રાહકને આપવી પડતી સેવાકીય સુવિધામાં ખામી જણાતાં અને અરજદારને પડેલ અગવડતાં બદલ પ્રતિવાદી નાં નાયબ ઈજનેર શ્રી જી. એ. પટેલ ને રૂા. ૫૦૦/– દંડ પેટે વાદીને ચુકવવા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

હુકમ કરવામાં આવે છે તેમજ વાદીની લોડઘટાડાની અરજી દિવસ–૩ માં સ્વિકારી તેના પર કાર્યવાહી કરી, દિવસ–૧૫ માં લોડઘટાડો મંજુર કરવો.

ફોરમનાં હુકમ મુજબની કાર્યવાહી કરી ખાસ અહેવાલ ફોરમને દિવસ–૩૦ માં રજુ કરવો.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં–૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૪.૦૫.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.